# ધોળે દિવસે બંગલામાં ઘુસીને બિલ્ડરના પત્નીની હત્યા

## નવા કોબામાં મનોરમ્ય બંગ્લોઝમાં બપોરે ૧૧ થી ૧૧:૩૦ વચ્ચે બનેલી ઘટના : મો પર મુક્કો મારીને દુપટ્ટાથી ગળે ટુંપો આપીને હત્યા કરાઇ : હાથે પહેરેલી બે બંગડીઓ અને મંગળસુત્રની લુંટ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર નજીક નવા કોબા ખાતે મનોરમ્ય રીટ્રીટ બંગ્લોઝમાં આજે ધોળે દિવસે બંગલામાં ઘુસીને લુંટ કરી તેમાં રહેતાં એક બિલ્ડરની પત્નિની હત્યા કરી હત્યારા ફરાર થઈ જતા ચકચાર મચી જવા પામી છે. બપોરે ૧૧ વાગ્યે કામવાળી કામ પતાવીને નિકળી અને ૧૧:૩૦ વાગ્યે દિકરો અને ત્યાર બાદ પતિ આવ્યા ત્યા સુધીમાં લુંટ વિથ મર્ડરની ઘટના બની ચુકી હતી અને લુંટ કરી હત્યારા ફરાર થઈ ગયા હતા.

આ ઘટના અંગે જાણ થતા પોલીસ ડોગ સ્કવોર્ડ, એફ.એસ.એલ તથા ફિંગરપ્રિન્ટ નિષ્ણાંતની ટીમો સાથે સ્પોટ પર પહોંચી ગઈ હતી અને બિલ્ડરની ફરિયાદ લઈ લુંટ તથા હત્યાનો ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ શરુ કરી છે. નવા કોબા ખાતે મનોરમ્ય રીટ્રીટ બંગ્લોઝમાં બંગલા નં.૯ ખાતે બિલ્ડર પ્રદિપભાઈ બેચરભાઈ પટેલ તેમના પરિવાર સાથે છેલ્લા એકાદ વર્ષથી રહે છે. પરિવારમાં તેમના ૪૪ વર્ષિય પત્નિ ચેતનાબેન તથા કોલેજમાં અભ્યાસ કરતા બે દિકરા મનન અને મિહીરનો સમાવેશ થાય છે. નિત્યક્રમ મુજબ પ્રદિપભાઈ સવારે ઘરેથી નિકળીને સાઈટ પર જાય અને બપોરે બારેક વાગ્યે જમવા આવે છે જ્યારે બંને દિકરા સવારે કોલેજમાં જતા હોય છે. આજે પણ સવારે પ્રદિપભાઈ સાઈટ પર ગયા અને મનન કોલેજ ગયો તથા મિહીર પણ પરિક્ષા આપવા ગયો હતો. કામવાળી બેન બંગલામાં કામ કરીને ૧૧ વાગ્યે બહાર નિકળી હતી ત્યારે ચેતનાબેન રસોડામાં રોટલી બનાવી રહ્યા હતા. ૧૧:૩૦ વાગ્યાનાં અરસામાં પરિક્ષા આપીને દિકરો મિહીર ઘરે આવ્યો અને થોડી વારમાં પતિ પ્રદિપભાઈ પણ ઘરે જમવા આવ્યા..! પ્રદિપભાઈએ જમવાની ડીશ કાઢવા પત્નિને સાદ કર્યો પણ કોઈ જવાબ ન મળતા બેડરુમ તરફ જઈને રુમનો દરવાજો ખોલ્યો તો પ્રદિપભાઈ ચોંકી ગયા હતા. તેમની પત્નિ ચેતનાબેન બેડની બાજુમાં નીચે બેભાન જેવી હાલતમાં પડેલા હતા અને તિજોરીના ડ્રોઅર ખુલ્લા હતા અને સામાન વેરવિખેર પડ્યો હતો. તે ઉપરાંત મોં પર ઈજાઓનાં નિશાન અને મોં માંથી લોહી નિકળતુ દેખાતા પડોશી ડોક્ટરને બુમ પાડીને બોલાવી લીધા હતા. આ રુમમાં સામાન વેરવિખેર હતો તે ઉપરાંત ઉપરનાં બીજા માળે તપાસ કરતા ત્યા પણ તમામ તિજોરીઓ ખુલ્લી પડી હતી.

ડિઝીટલ લોકર પણ તોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. એમ્બ્યુલન્સ બોલાવીને પ્રદિપભાઈ તાત્કાલીક તેમના પત્નિને એપોલો હોસ્પિટલ લઈ ગયા હતા. જો કે તેમનુ મોત થઈ ચુક્યુ હતુ. બપોરે અડધા કલાકમાં જ લુંટારુ ટોળકી ઘરમાં ઘુસી અને ચેતનાબેનનાં મો પર મુક્કા મારીને તેમના જ ડ્રેસનાં દુપટ્ટા વડે ચેતનાબેનનુ ગળુ દબાવી દઈ હત્યા કરી નાંખવામાં આવી હોવાની શક્યતા છે. હત્યા કર્યા બાદ તે શખ્સોએ ચેતનાબેને તેમના હાથે પહેરેલી સોનાની બે બંગડીઓ તથા ગળામાં પહેરેલા સોનાનાં મંગળસુત્રનું પેંડલ કાઢી લઈ લુંટી લીધુ હતુ. ત્યા બાદ બંગલામાંથી મોટી માલમત્તા લુંટવા તિજોરીઓ ફંફોસી પણ કાંઈ હાથ ન લાગતા મૃતદેહ પડતો મુકી ટોળકી પાછળનાં કે-રાહેજા રોડ તરફથી રફ્ફુચક્કર થઈ ગઈ હતી. ઈન્ફોસિટી પોલીસ તથા એસ.ઓ.જી, એલ.સી.બીની ટીમ ઉપરાંત ડીવાયએસપી વિજય પટેલ ઘટનાની જાણ થતા જ સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ પી.એમ કરાવી એફ.એસ.એલ, ડોગ સ્કવોર્ડ તથા ફિંગર પ્રિન્ટ નિષ્ણાંતની ટીમો બોલાવી પોલીસે હત્યા અને લુંટનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે. બંગલામાથી નિકળીને સ્નિફર ડોગ પણ કે-રાહેજા રોડ તરફ જઈને ઉભો રહી ગયો હતો.

### દિકરો આવ્યો ત્યારે દરવાજાને બહારથી સ્ટોપર લાગેલી હતી

પરિક્ષા આપવા ગયેલો નાનો દિકરો મિહીર ૧૧:૩૦ વાગ્યાનાં અરસામાં ઘરે આવ્યો હતો. ત્યારે બંગલાનાં મુખ્ય દરવાજાની જાળીને બહારથી સ્ટોપર લાગેલી હતી. મમ્મી આસપાસમાં ક્યાંક પડોશમાં બેઠા હશે તેમ માનીને મિહીર સ્ટોપર ખોલીને અંદર ઘરમાં ગયો હતો. પરિક્ષા આપીને આવ્યો હોવાથી થોડો ફ્રેશ થવા તેણે ટીવી ચાલુ કર્યુ અને સોફા પર બેસીને ટીવી જોવા લાગ્યો હતો. પંદરેક મિનીટ પછી તેના પપ્પા આવ્યા અને જમવાની ડીશ તૈયાર કરવા પત્નિને સાદ પાડ્યા પરંતુ કોઈ જવાબ ન આપતા અંદરનાં બેડરુમનો દરવાજો ખોલ્યો ત્યારે ઘરમાં ખુની ખેલ ખેલાઈ ગયો હોવાની જાણ થઈ હતી.



### બારીકાઈથી બંગલાની અવર-જવર પર વોચ રખાઈ હતી

#### રસોડાનાં પ્લેટફોર્મ પર પડેલી ઢાંકણ ખુલેલી પાણીની બોટલ જોતા કોઇ જાણભેદુ હોવાની પણ શક્યતા

ગાંધીનગર, તા.૧૪ બંગલામાં ઘુસીને બિલ્ડરની પત્નિની હત્યા કરીને થયેલી લુંટનો ટાઈમીંગ ગજબનો હતો. ૧૧ વાગ્યે કામવાળી ગઈ અને ૧૧:૩૦ એ દિકરો અને ત્યાર બાદ ૧૫ મિનીટમાં પતિ ઘરે આવ્યા. આ અડધા કલાકમાં ચેતનાબેનની હત્યા કરીને લુંટ કર્યા બાદ હત્યારા ફરાર પણ થઈ ગયા હતા. બંગ્લોઝની સોસાયટીનો વોચમેન પણ રજા ઉપર હતો. સોસાયટીનાં સીસીટીવી કેમેરા પણ મુખ્ય દરવાજે જ હતા. કેમેરામાં કેદ ન થાય તે માટે આ શખ્સો પાછળના રસ્તેથી આવ્યા અને વોચમેન ન હતો તે ઉપરાંત કામવાળી જશે પછી અડધા કલાકમાં ઘરે દિકરો અને પતિ આવી જશે ત્યા સુધીનું અપડેટ રાખીને ઝીણવટભર્યો અભ્યાસ કર્યા બાદ આ શખ્સો આવ્યા હોવાનો અંદાજ છે. બારીકાઈપુર્વક રેકી કર્યા બાદ આ ગુનાને અંજામ આપ્યો હોવાની શક્યતા છે. તે ઉપરાંત આ ગેંગમાં કોઈ જાણભેદુ શખ્સ હોવાની પણ શક્યતા વર્તાઈ રહી છે. કેમ કે બંગલામાં તે શખ્સો બળપ્રયોગ કરીને ઘુસ્યા હોય તેવુ લાગતુ નથી. તે ઉપરાંત રસોડાનાં પ્લેટફોર્મ પર ઢાંકણ ખુલેલી પાણીની બોટલ પણ પડી હતી. કદાચ ચેતનાબેન પાસે તે શખ્સોએ પાણી માંગ્યુ હોય અને પાણી આપેલુ હોય તેવુ પણ બની શકે છે. ત્યાર બાદ જે રીતે બંગલાની ખુણેખુણાની તિજોરીઓ જાણતા હોય તેમ ફંફોસી હતી. પોલીસે તે દિશામાં પણ તપાસ આરંભી છે.

# કલોલના હાજીપુર વિસ્તારમાં ગાલ પચોલિયાના છ કેસ

ગાંધીનગર, તા. ૧૪

પેરામેક્ઝો વાયરસથી થતા ગાલપચોળિયાનો રોગ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલા હાજીપુર પાસે આવેલા શક્તિપુરા વિસ્તારમાં એક-બે નહી પરંતુ છ-છ વ્યક્તિઓને ભરખ્યો હોવાનું તંત્રના રેકર્ડ પર આવ્યુ છે.

પાંચ વર્ષના બાળકથી માંડીને ૨૫ વર્ષનો યુવાન શંકાસ્પદ ગાલપચોળિયાના રોગનો ભોગ બન્યા હોવાનું ધ્યાને આવતા આરોગ્ય તંત્રએ આ બાબતને ગંભીરતાથી લઈ દર્દીના બ્લડ સેમ્પલ કલેક્ટ કરી પરીક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલી આપ્યા હતા. જેના રીપોર્ટ પોઝીટીવ આવતા આ વિસ્તારમાં સર્વેલન્સ કામગીરી શરૂ કરી અસરગ્રસ્તોને સઘન સારવાર આપવાનું શરૂ કરી દીધુ છે. હાલ તમામ દર્દીની સ્થિતિ સુધારા પર છે. આગામી દિવસોમાં ગાલપચોળિયાના અન્ય કેસ બહાર આવશે તો ગાલપચોળિયા વિરોધી રસી પણ આપવામાં આવશે.

# આજે અંબાપુર ખાતે અંબાજી મહાકાળી માતાનો ગરબો

ગાંધીનગર, તા. ૧૪

અંબાપુર શક્તિ સેવક મંડળ તથા અંબાપુર ક્ષત્રિય યુવક મંડળ દ્વારા આસો સુદ-૧૪ના ૧૫મી ઓક્ટોબર શનિવારે અખંડ-જ્યોતિ સ્વરૂપ અંબાજી માતાનો ગરબો તથા મહાકાલી માતાનો ગરબો યોજવામાં આવ્યો છે. પૌરાણિક સમયથી ચાલી આવતી પરંપરા મુજબ આયોજિત કરાયેલ આ ગરબાનો લાભ લેવા તથા દર્શન કરવા અંબાપુર સહિત સમગ્ર ગાંધીનગર તાલુકાની ધર્મપ્રેમીજનતાને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.





## સે. ૨૨માં ''ગલી કબડ્ડી'' યોજાઈ

અમદાવાદમાં ચાલી રહેલા કબડ્ડી વર્લ્ડકપના પગલે શહેરમાં કબડ્ડીનો માહોલ બરાબર જામ્યો છે. જો કે કબડ્ડી ભારતની પરંપરાગત રમત હોવા છતાં હજુ પણ અન્ય રમતો જેટલો તેનો ક્રેઝ ના હોવાથી વર્લ્ડકપના પ્રસારણના હક્કો ધરાવતી ખાનગી ચેનલ દ્વારા શહેરમાં ''ગલી કબડ્ડી'' રમાડી પ્રમોશન કાર્યક્રમ હાથ ધરાઈ રહ્યાં છે. શુક્રવારે ગાંધીનગરના સે. ૨૨માં છ-ટાઈપ આવાસ ખાતે બ્લોક નં. ૧૦૭ અને ૧૦૯ વચ્ચેના ચોકઠામાં ગલી કબડ્ડીનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં ૨૫ જેટલી મહિલાઓ સહિત ૫૦થી વધુ નાના-મોટા રહીશોએ ભાગ લીધો હતો. આ કબડ્ડીને જોવા ૧૦૦થી વધુની મેદની ઉમટી હતી. ચેનલ કંપની દ્વારા વિજેતાઓને ઈનામો આપી સન્માનવામાં આવ્યા હતા. આકાર્યક્રમને સફળ બનાવવા છ-ટાઈપના રહીશ યુવાન બ્રિજરાજસિંહ ઝાલા દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. ચેનલના આ પ્રયાસને કારણે શહેરીજનોમાં ફરીથી ભારતીય પરંપરાગત રમત કબડ્ડી પ્રત્યે લગાવ વધતો જોવા મળી રહ્યો છે.

# ગાંધીનગર ખાતે ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓ માટે ''પર્યાવરણ સંવાદ'' યોજાયો

ગાંધીનગર, તા. ૧૪

પર્યાવરણ રાજ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું છે કે, પર્યાવરણના જતન માટે વિવિધ દેશો



જાગૃત થઈ રહ્યા છે, તે આનંદની વાત છે, પરંતુ પર્યાવરણના જતન માટે જનજાગૃતિ કેળવાય તે અત્યંત અનિવાર્ય છે. પ્રત્યેક નાગરિક પર્યાવરણના જતન માટે સ્વયં જાગૃત બની સંકલ્પબદ્ધ થાય તે આજના સમયની માંગ છે.

આજે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે ગુજરાત ઈકોલોજી કમિશન, વન અને પર્યાવરણ વિભાગના સંયુક્ત ઉપક્રમે સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે યોજાયેલ 'પર્યાવરણ સંવાદ'માં બોલતા મંત્રી ચૌધરીએ ઉમેર્યું હતું કે, પર્યાવરણનું સંરક્ષણ અને સંવર્ધન કરવું એ પ્રત્યેક નાગરિકની ફરજ છે. જ્યારે લેબ ટુ લેન્ડના સંકલ્પને સાકાર કરવા માટે રાજ્ય સરકાર દ્વારા પણ અનેકવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. ત્યારે તે માટે આપણે સૌ હકારાત્મક પ્રાયાસો કરવા પડશે.

તેમણે ઉમેર્યું કે, પર્યાવરણની જાળવણી અને સંતુલન માટેની જવાબદારી મોટે ભાગે વિકસીત દેશોના ભાગે જ આવે છે. જેમાં હવાનું પ્રદૂષણ હોય, પાણીનું પ્રદૂષણ હોય, જોખમી કચરાનો નિકાલ કરવાનો હોય કે, પછી ઈકોલોજીની શ્રૃંખલાને બચાવવા માટે સહિયારા પ્રયાસો કરવા પડશે. સમાજ જીવનમાં પણ આપણી ઋષિ પરંપરાઓ દ્વારા પણ પર્યાવરણના જતન માટે જે ભૂતકાળમાં પ્રયાસો થયા હતા જેના સારા પરિણામો આપણે આજે ભોગવી રહ્યા છીએ, ત્યારે આવનારી પેઢી માટે પણ આપણે કંઈક કરવું એ આપણી નૈતિક ફરજ છે. રાજ્ય સરકાર પણ કાયદાના માધ્યમ દ્વારા જે હકારાત્મક પ્રયાસો કરી રહી છે, તેમાં સૌ સહયોગ આપે તેવી આપીલ તેમણે કરી હતી.

ગુજરાત ઈકોલોજી કમિશનના સભ્યસચિવ એસ.કે.ચતુર્વેદીએ કાર્યક્રમનો હેતુ સ્પષ્ટ કરી વિસ્તૃત વિગતો આપી હતી અને ગુજરાતે પર્યાવરણ જાળવણી માટે જે પગલા લીધા તેના પરિણામે દેશમાં અગ્રેસર રહ્યું છે.

આ સંવાદમાં વિવિધ સત્રો યોજાયા હતા. જેમાં મુખ્યત્વે ગુજરાતની પર્યાવરણની સમસ્યાઓ, જંગલ નિવસન તંત્રની પુનઃવ્યવસ્થા, પાણી સંગ્રહને લગતા પ્રશ્નો, નદી-કોતર વ્યવસ્થાપન, પર્યાવરણીય વ્યવસ્થાપનમાં સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા જેવા વિવિધ વિષયો પર તજજ્ઞો દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વન અને પર્યાવરણ વિભાગના સચિવ અરવિંદ અગ્રવાલ સહિત વન-પર્યાવરણ વિભાગના અધિકારીઓ, ગુજરાત ઈકોલોજી કમિશનના સભ્યો, વિષય નિષ્ણાતો તથા રાજ્યભરની પર્યાવરણ જાગૃતિ અંગેની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓએ ભાગ લઈ વિચાર વિમર્શ કર્યો હતો.

# પેથાપુર યુજીવીસીએલમાં ઉજાલા બલ્બ ખરીદીમાં ગ્રાહકોને ધક્કા

રાજય સરકાર દ્વારા ઉજાલા એલઈડી બલ્બની યોજના અમલમાં મુકવામાં આવી છે જેમાં ગ્રાહકો છેલ્લુ વિજબીલ તેમજ આધારકાર્ડ લઈને જાય એટલે ઉજાલા બલ્બ સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા તંત્ર દ્વારા કરવામાં આવી છે. પરંતુ સરકારી નિયમોને નેવે મુક્યા હોય તેમ યુજીવીસીએલના કર્મચારીઓ ઉજાલા બલ્બ માટે ગ્રાહકોને વિવિધ કાગળો મંગાવીને ધક્કા ખવડાવતા હોવાનો શુર વિજ ધારકોમાં ઉઠવા પામ્યો છે.

ગાંધીનગર શહેરને અડીને આવેલા ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરતા નાગરીકોને યુજીવીસીએલ દ્વારા વિજપુરવઠો પુરો પાડવામાં આવે છે. ગ્રાહકોને બિલની ચુકવણી કરવા માટે પણ પેથાપુર ચરેડી ખાતે જવું પડે છે. ગ્રામ્ય વિસ્તારના રહીશો વિજબિલ ભરવા જાય ત્યારે ઓફીસેથી ઉજાલા બલ્બની ખરીદી કરે છે પરંતુ ઉજાલા બલ્બ માટે કર્મચારીઓ જાતજાતના અને ભાતભાતના કાગળો માંગીને ગ્રાહકોને હેરાન કરવાનો શુર ઉઠવા પામ્યો છે. રાજય સરકાર દ્વારા એલઈડી બલ્બ ગ્રાહકોને મળી રહે તે માટે સુચારુ વ્યવસ્થા કરવામાં આવી છે. પરંતુ કર્મચારીઓ નિયમો નેવે મુકીને ઘોળીને પી ગયા હોય તેમ લાગી રહ્યું છે. ગ્રાહકોને ધક્કા ખાધા પછી પણ બલ્બ ના મળતા રોષ જોવા મળ્યો છે. ગ્રાહકો છેલ્લુ લાઈટબીલ અને આધારકાર્ડની કોપી લઈને જતા હોવા છતા પણ બલ્બ ન મળતા હેરાની વેઠવાનો વારો આવ્યો છે. આ અંગે સત્વેર યોગ્ય થાય તેમ વિજ ધારકોની લાગણી અને માંગણી છે.

# સાઈ ખાતે રાષ્ટ્રીય એથ્લેટિક્સ એકેડેમી માટે પસંદગી પ્રક્રિયા યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

પ્રધાનમંત્રીની ૧૦૦ દિવસની યોજના હેઠળ ભારતીય ખેલ પ્રાધિકરણ, સીઆરસી કેન્દ્ર ભોપાલ ખાતે રાષ્ટ્રિય એથ્લેટિક્સ એકેડેમી ગત વર્ષ ડિસેમ્બર-૨૦૧૫થી સફળતાપૂર્વક શરૂ થઈ ગયેલ છે. ઉપરોક્ત યોજના હેઠળ ખેલાડીઓની પસંદગી પ્રક્રિયા ભારતીય ભારતીય ખેલ પ્રાધિકરણ, પશ્ચિમી કેન્દ્ર, સેક્ટર-૧૫ ગાંધીનગર ખાતે તા. ૧૯ અને ૨૦ ઓક્ટોબર ૨૦૧૬ના રોજ સવારે ૬.૦૦ કલાકે રાખેલ છે. જેમાં એથ્લેટિક્સમાં ૩૦૦૦ મી., ૫૦૦૦ મી. અને ૧૦,૦૦૦ મી., અને વય મર્યાદા ૧૨ થી ૨૦ વર્ષના ગૃપમાં ભાઈઓ અને બહેનો માટે પસંદગી પ્રક્રિયા કરવામાં આવશે.

આ પસંદગી પ્રક્રિયામાં પસંદ થયેલ ખેલાડી એરટેલ દિલ્હી હાફ મેરેથોન જે તા. ૨૯ નવેમ્બર ૨૦૧૬ના રોજ દિલ્હી ખાતે યોજાનાર છે. તેમાં ભાગ લઈ શકશે. ખેલાડીને તેમના સ્થળથી દિલ્હી અને પરત સુધીના ભાડા-ભથ્થા સ્પોન્સર એજન્સી મોકામ ઈન્ટરનેશનલ દ્વારા ચુકવવામાં આવશે. પસંદગી પામેલ ખેલાડીને પુરા વર્ષ દરમ્યાન નેશનલ એથ્લેટિક્સ એકેડેમી દ્વારા ભારતના નામાંકિત કોચ અને આંતર રાષ્ટ્રિય કોચના સુપરવિઝનમાં પ્રશિક્ષણ આપવામાં આવશે.

ઉપરાંત પસંદગી પામેલ ખેલાડીને જરૂરી ફૂડ સપ્લીમેન્ટ અને બીજી સાઈન્ટીફીક ટ્રેઈનીંગ પણ સ્પોન્સર એજન્સી દ્વારા આપવામાં આવશે. ખેલાડીઓના ગૃપને સ્પોન્સર એજન્સી દ્વારા વિદેશમાં ટ્રેઈનિંગ, તે પણ વિદેશી કોચ દ્વારા કેન્યા અથવા ઈથોપિયા જેવા દેશોમાં આપવામાં આવશે અને આંતરરાષ્ટ્રિય હરિપાઈમાં ભાગ લેવાની તક પણ મળશે. સ્પોન્સર એજન્સી દ્વારા સ્પોર્ટસ કીટ અને ખાસ પ્રકારના રનિંગ માટેના શૂઝ પણ આપવામાં આવશે.

પ્રોકામ ઈન્ટરનેશનલના પ્રતિનિધિ પણ આ પસંદગી પ્રક્રિયા દરમ્યાન હાજર રહેશે.

# વિધાનસભા સચિવાલય ખાતે આંગણવાડી કાર્યકરો માટેનો તાલીમ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૪

બાળકોના સર્વાંગી વિકાસ ઘડતરમાં રાજ્યની આંગણવાડી કાર્યકર મહિલાઓની ભૂમિકા ખૂબજ અગત્યની છે તેમ આજે રમણલાલ વોરાએ જણાવ્યું હતું.

અધ્યક્ષ વોરાએ આ તાલીમ કાર્યક્રમમાં ઉપસ્થિત બહેનો સાથે સંવાદ કરતા કહ્યું હતું કે, ગામના છેવાડાના બાળકોનું પોષણ, આહારની સાથે સંસ્કાર આપવાનું ભગીરથ કાર્ય પણ તમારે જ કરવાનું છે. મા-બાપે તેમના કુમળા-વહાલા બાળકોને તૈયાર કરવાની-સાચવવાની જવાબદારી તમને






ગાંધીનગર વિધાનસભા સચિવાલય ખાતે આંગણવાડી કાર્યકરો માટે યોજાયેલા એક દિવસીય તાલીમ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ

આરોગ્ય અને ભવિષ્ય આંગણવાડી કાર્યકરના હાથમાં છે બાળકો મોટા થઈને ડોક્ટર, એન્જિનીયર કે વકીલ બનશે તો તેનો જશ તમને મળશે. બાળકોને આપી છે, તમારા પર મૂકેલો વિશ્વાસ તમારે નિભાવવાનો છે.

આંગણવાડી કાર્યકરોને તે કાર્ય કરવામાં પડતી મુશ્કેલીઓને વધુ ઝડપથી કેવી રીતે ઉકેલી શકાય તે ઉકેલવા માટે અધ્યક્ષે ઉચ્ચ અધિકારીઓને સૂચન કર્યું હતું. આગામી સમયમાં દર સપ્તાહે વિધાનસભા સચિવાલય ખાતે ગણેશ વાસુદેવ માળવંકર સંસદીય અભ્યાસ અને તાલીમ બ્યુરો દ્વારા વિવિધ કાર્યકરો માટે માર્ગદર્શનના હેતુથી તાલીમ આપવાનું આયોજન કરવામાં આવશે તેમ પણ અધ્યક્ષ વોરાએ જણાવ્યું હતું.

આ પ્રસંગે વિધાનસભાના સચિવ ડી. એમ. પટેલે આભારવિધિ કરી હતી. આ તાલીમ કાર્યક્રમમાં આઈ.સી.ડી.એસ.ના કમિશનર અને ડાયરેક્ટર મનિષા ચંદ્રા સહિત સાબરકાંઠા, અરવલ્લી અને ગાંધીનગર જિલ્લાની ૨૦૦ જેટલી આંગણવાડી કાર્યકર મહિલાઓએ ભાગ લીધો હતો.